Join Today... Varsha Patel's
Vadodara's Best
SINCE 1995
VARIANT
COOKING CLASSES
Certificate Course
15 Variety Cooking Classes
D/601, Smrudhi Satvik, Danteswar
M: 9426326389

।। આય વલો અસાંજો વતન, મૂંજી માતૃભૂમિ કે નમન ।।

Fortnightly E-Magazine

# વડોદરાના કચ્છીઓનું સમાજ-દર્શન

પખવાડિક ઈ-મેગેઝિન

વર્ષ: ૨ • અંક: ૨૨ • સળંગ અંક: ૪૬ • ૭ માર્ચ ૨૦૨૬, શનિવાર • કુલ પાનાં: ૧૨ • કિંમત: નિ:શુલ્ક

Vadodarana Kutchionu Samaj Darshan • Mob: 9377124582 • Email: samajdarshan.mail@gmail.com

આપના મોબાઈલ પર આ અંકો નિયમિતરૂપે મેળવવા ગ્રુપ જોઈન કરવા અહીં ક્લિક કરો.




## વડોદરામાં મહાશિવરાત્રીના પ્રદર્શનમાં કચ્છના કલાકારો

વડોદરાના પ્રદર્શન ગ્રાઉન્ડ, કીર્તિસ્તંભ ખાતે મહાશિવરાત્રી પર્વના અવસરે 'સ્વદેશી હાટ' ના નામે આયોજીત હસ્તકલા વારસાને પ્રોત્સાહન આપતું અનેક ચીજ વસ્તુઓનું એક પ્રદર્શન હાલમાં ૧૧ ફેબ્રુઆરી થી ૨૦ ફેબ્રુઆરી દરમ્યાન યોજાઇ ગયેલ.

આ પ્રદર્શનમાં સમસ્ત ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોના કલાકારો હાજર રહી તેમના ખાસ કરીને હસ્તકલા અને ગ્રામદ્યોગના ઉત્પાદનોનું પ્રદર્શન તથા વેચાણ કરી રહ્યા હતા. તેમાં કચ્છના અનેક હસ્તકલાના કલાકારોના સ્ટોલો આવેલ હતા..

કચ્છનું નામ આપણા માટે ધ્યાનાકર્ષક તો રહેવાનું જ તેથી અમે તેમની રૂબરૂ મુલાકાત લઇ એક મજાની ફોટો સ્ટોરી બનાવેલ છે જે આપને એ કલાકારો તથા એમના સ્ટોલ બાબતે થોડીક જાણકારી આપે છે. ઘણા વર્ષોથી કચ્છની વિવિધ કલાઓનું જતન તથા સંવર્ધન બધા કરતા થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા અનેક કાર્યક્રમો ચલાવવામાં આવેલ છે. મોટા ભાગે કચ્છના આંતરીયાળ ગામોમાં આ બધી કલાઓ સચવાઇને રહેલ છે. આ બધી કલાઓ હવે સમગ્ર ગુજરાત તથા દેશમાં પ્રસિદ્ધિ પામી ચૂકી છે. ઘણી કલાઓને તો રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પ્રસિદ્ધિ - ઇનામ - અકરામ પ્રાપ્ત થયેલ છે. કચ્છની આ પારંપારિક કલાઓમાં હવે યુવા વર્ગ પણ તેમાં ભાગ લેતો થયેલ છે તે અહીં દષ્ટિમાન થાય છે.

એ બધામાં કચ્છની બાંધણી - અજરખ - ગોદડી - ઉનની આઇટેમો - ડ્રેસ મટેરીયલ તથા તૈયાર વસ્ત્રો - ખરકી કે ઘંટડીકામ - ચર્મકામ - ફેશન ડિઝાઇનીંગની આઇટેમો - પર્સ - ચપ્પુ - છરી જેવી અનેક પારંપારિક કલાકારીગીરીની આઇટેમો અહીં જોવા મળી હતી.

આ બધાની સાથે વડોદરાના કલાકારો પણ અમને ત્યાં મળી ગયા જેઓ વિવિધ આકારના પથ્થર પર મજાનું પેઇન્ટીંગ કરી 'સ્ટોન - ક્રાફ્ટ' તરીકે તેને વિવિધ સ્વરૂપે ફોટો ફ્રેમ, ડેકોરેટીવ આઇટમ, ડીસપ્લે આઇટમ તરીકે બનાવીને તેમની હસ્તકલાનું પ્રદર્શન કરેલ છે. ઉપરાંત જ્યુટમાંથી ફૂલો તથા બેગ્સ્ બનાવનાર કલાકાર પણ હતા.

આ વખતના પ્રદર્શનનું થીમ **"Vocal for Local"** રહ્યું હતું. જે 'સ્વદેશી હાટ'ના નામે ગરવી ગુર્જરી, ઇન્ડેક્સ્ટ્-સી તથા **ODOP (One Distict, One Products** જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલ છે.

આ પ્રદર્શનમાં કચ્છની આઇટમોની સાથે એમના કારીગરોને મળવાનો મોકો પણ મળ્યો હતો. આપે આ વર્ષે પ્રદર્શન નિહાળ્યું કે નહીં ? જો ચૂકી ગયા હો તો આવતા વર્ષે મહાશિવરાત્રીની આસપાસ ચોક્કસથી આ મહોત્સવમાં જઇ આવજો. કચ્છના સ્ટોલોની સાથે ગુજરાતના કલાકારોની કલા પણ આપને નિહાળવા મળશે.



મુરજી વેલજી મારવાડા - કચ્છ



લુહાર રઝાક હુસેન - કચ્છ



ખત્રી અયુબ ગુલમામદ - કચ્છ



તાહેરાબાનુ હુસેન ખત્રી - કચ્છ



નવીનચંદ્ર આર લેઉવા - કચ્છ



વિરલ ઠક્કર - કચ્છ



હલીમા હસમુક ગોર - કચ્છ



સોની કિંજલ - કચ્છ





## શ્રી વાસુપૂજ્યસ્વામિ જિનાલયે જન્મ કલ્યાણકની ઉજવણી

શ્રી વડોદરા અચલગચ્છ જૈન સંઘના વડોદરા વિભૂષણ શ્રી વાસુપૂજ્ય સ્વામીના જિનાલયે મહા વદ ૧૪ ને રવિવાર તા.૧૫.૨.૨૦૨૬ના શુભદિને શ્રી વાસુપૂજ્ય જન્મકલ્યાણકના પ્રસંગે ઉજવણી કરવામાં આવેલ.

આ પ્રસંગે વાસુપૂજ્ય જિનાલયમાં દાદાનાં ૯ અભિષેક અનુષ્ઠાનની અષ્ટોતરી તીર્થમાલા સહ ઉજવણી કરવામાં આવી જેમાં બહોળી સંખ્યામાં બધાએ હાજરી આપેલ. હાજર રહેલ બધાએ પ્રભુજીના અભિષેકનો લાભ લીધેલ. અનુષ્ઠાન તથા અન્ય ઉજવણીમાં મહિલા મંડળે ભાગ લીધેલ.









## પાલીતાણા છ'ગાઉ યાત્રા

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી શેત્રુંજ્ય પાલીતાણા તીર્થે છ'ગાઉ યાત્રા તથા પાલનું આયોજન સંઘમાતા નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવાર (કચ્છ - લાલા, હાલ વડોદરા)ના સૌજન્યથી શ્રી ક.દ.ઓ.જૈન સમાજ, વડોદરા દ્વારા કરવામાં આવેલ.

આ વર્ષે પાલીતાણાના કાર્યક્રમની સાથે દાતા પરિવારે અન્ય તીર્થોની યાત્રા પણ કરાવવાનો લાભ લીધો હતો. વડોદરાથી શનીવાર તા.૨૮.૨.૨૦૨૬ના રોજ બસ દ્વારા સવારે કે.ડી.ઓ. ભવનથી પ્રયાણ કરીને ૫૦ ઉપરાંત ભાવિકો યાત્રા માટે રવાના થયા હતા. પ્રથમ વટામણ ચોકડીએ ધર્મધામમાં આદીનાથ ભગવાનના દર્શન કર્યા હતા. ત્યાંથી તગડી નંદનવન મુનિસુવ્રત સ્વામી જૈન તીર્થમાં દર્શન બાદ ભોજન લઇ અયોધ્યાપુરમમાં દાદિનાથ પ્રભુને વંદીને ચા-પાણી લીધા બાદ વલ્લભીપુરમાં આદિનાથ ભગવાનના દર્શન કરી સાંજના સોનગઢ રત્નાશ્રમમાં ચૌવિહાર કરી સાંજે પાલીતાણા પહોંચ્યા હતા. બીજા દિવસે તા.૧.૩.૨૦૨૬ના રોજ યાત્રિકોએ છ'ગાઉની યાત્રા કરી હતી અને સાથે શ્રી ક.દ.ઓ. જૈન સમાજના પાલ પર તથા સંઘ પૂજનમાં દાતા પરિવાર સાથે સેવા આપી હતી. ત્યારબાદ રાત્રે ૮.૩૦ કલાકે પાલીતાણાથી પ્રયાણ કરી બધા બીજા દિવસે સવારે વડોદરા પહોંચ્યાં હતા. વર્ષોથી દાતા પરિવાર આ અનુમોદનીય કાર્ય કરીને સંઘ તથા પરિવારની શાનમાં વધારો કરી રહેલ છે.














## રાજસ્થાન યાત્રા પ્રવાસ

શ્રી વિમલનાથ ભક્તિ ગ્રુપ, વડોદરા આયોજીત ત્રણ દિવસીય રાજસ્થાન યાત્રાનું આયોજન **2x2 A.C.** બસ દ્વારા કરવામાં આવેલ. તા. ૨૧ના રાત્રે વડોદરાથી રવાના થઇ સવારે દંતાણી તીર્થ પહોંચ્યા હતા. દંતાણીમાં શ્રી સીમંધરસ્વામી જિનાલયમાં સ્નાત્ર પૂજા ભણાવી હતી. ત્યાં અચલગચ્છીય ગણીવર્ય પ.પૂ. શ્રી કમલપ્રભસાગર મ.સા. તથા સા.શ્રી નિતિગુણાશ્રીજી મ.સા.ના દર્શન સેવાનો લાભ મળ્યો હતો. મ.સાહેબે શ્રી સીમંધરસ્વામીની ભાવયાત્રા કરાવી હતી. સંઘમાં પાંચ વર્ષીતપના તપસ્વી પણ હતા તેમની સરસ વ્યવસ્થા દંતાણીમાં મહેતાજી ભરતભાઇએ કરી હતી.

ત્યાંથી સિરોડીમાં શ્રી ગોડી પાર્શ્વનાથ દાદા, કેવલબાગમાં શ્રી મુનિસુવ્રત સ્વામીની સેવા-પૂજા કરી પાવાપુરી પહોંચ્યા હતા. ત્યાં રાત્રી ભાવના કરી હતી. સવારના ત્યાં વાસક્ષેપ પૂજા કરી ત્યાંથી મીરપુરામાં શ્રી ૧૦૮ હમીરપુરા પાર્શ્વનાથ દાદા, જહાજ મંદિરમાં શ્રી મુનિસુવ્રત સ્વામી, નાદિયામાં જીવિત મહાવીરસ્વામી, લોટાણામાં આદિનાથ દાદા, બામણવાડામાં મહાવીર સ્વામી તથા નાણામાં શ્રી મહાવીર સ્વામીના દર્શન કરી રાત્રિ રોકાણ નાના બેડામાં થયેલ.

બીજા દિવસે ત્યાં પાર્શ્વનાથદાદાની સેવા-પૂજા-આરતીનો સંપૂર્ણ લાભ લઇ બપોરે માઉન્ટ આબુ-દેલવાડા પહોંચ્યા હતા. ત્યાં પાંચ દેરાસરોમાં દર્શન-પૂજાનો લાભ લઇ સાંજે તળેટીમાં માનપુરામાં શ્રી આદિનાથ ભગવાનના દર્શન કરી ત્યાંથી વડોદરા માટે રવાના થયા હતા. યાત્રાના સરસ આયોજન માટે શરદભાઇ કારાણીનું બહુમાન કરવામાં આવ્યું હતું. યાત્રા દરમ્યાન યાત્રિકોમાંથી દાતાઓએ દરરોજના નવકારસી, બપોરના જમણ તથા સાંજના ચૌવિહારનો લાભ લીધો હતો.

(રાજસ્થાન પ્રવાસની તસવીરો પાના નં: ૫ પર...)

## Rajmani 10

# 5BHK LUXURIOUS VILLA



***Truly a stately Lifestyle***

***Ultimate LUXURY awaits YOU***

***A stylish dream home with comfort & elegance.***

***Value added amenities***

B/h. Imperia Complex, Nr. Gotri Police Station, Gotri, Vadodara 390021

**Nagda Developers Pvt. Ltd.** • M.: 9375776943 | 8980645180

---

# RAJMANI
## RESIDENCY

### 3BHK LUXURIOUS FLATS




Fine Homes, Luxurious Lifestyle

A world of happiness created for you & your family

Spacious layouts with crafted amenities

B/h. Vakratund Palm, Nr. Nilkanth Heights, Sevasi TP 1 Canal Road, Vadodara 391101

**Nagda Developers Pvt. Ltd.** • M.: 9375776943 | 8980645180

માહિતી સ્ત્રોત - સ્વામી સદાનંદ (મનોજ ઇન્દ્રવદન આચાર્ય - શ્રી સિદ્ધ ગાયત્રી શક્તિપીઠ, રાજકોટ)

# જૈનોની છ'ગાઉ યાત્રા

જૈનોની ઢેબરાં તેરસ તરીકે ઓળખાતી પાલીતાણા શત્રુંજય મહાતીર્થની છ'ગાઉની ફાગણી તેરસની મહાયાત્રા. જૈનોમાં મહાતીર્થ પાલિતાણાનું અનેરું મહત્વ છે. શાશ્વત તીર્થ એવા પાલિતાણાની યાત્રા ન કરી હોય તેવા જૈન જવલ્લે જ જોવા મળશે. જૈનો માટે ફાગણી તેરસનો દિવસ શત્રુંજય તીર્થધામની છ'ગાઉની યાત્રા અને ભગવાન આદિનાથની ભક્તિ માટે અત્યંત મહત્વનો છે. તેને 'ઢેબરા તેરસ' પણ કહે છે.

જૈનશાસ્ત્રો મુજબ પવિત્ર શત્રુંજય મહાતીર્થની જાત્રા કરવામાં કહેવાયું છે કે, તીર્થ અને તેમાં પણ તીર્થાધિરાજ શત્રુંજયના રસ્તાની ધૂળથી પણ આત્મા ઉપરની કર્મરૂપી ધૂળ દૂર ફેંકાઇ જાય છે. આ મહાતીર્થમાં ભ્રમણ કરવાથી ભવમાં ભમવાનું મટી જાય છે. પાલીતાણા શત્રુંજય મહાતીર્થની છ'ગાઉની યાત્રા વર્ષમાં એક જ દિવસ ફાગણ સુદ તેરસના દિવસે થાય છે. આ દિવસે જૈનશાસ્ત્ર મુજબ ૮ કરોડ જૈન મુનિઓ શત્રુંજય મહાતીર્થ પર મોક્ષ પામ્યા હતા. આથી આ છ'ગાઉ યાત્રાનું મહત્વ વિશેષ ગણવામાં આવે છે.

આ યાત્રામાં માટે ગુજરાત જ નહિં, દેશ-વિદેશ પણ અનેક યાત્રાળુઓ યાત્રા કરવા માટે આવે છે અને ખરા ધોમધખતા તાપમાં અને તેમાં પણ મોટા ભાગના ખુલ્લા પગે છ'ગાઉની યાત્રા કરે છે અને પુણ્યનું ભાતુ બાંધે છે. આજની ભાગ-દોડ ભરી જીંદગીમાં પણ જૈન લોકોએ આ પરંપરા જાળવી રાખી છે.

શત્રુંજયની આ યાત્રામાં શ્રી કૃષ્ણના પુત્ર શાંબ અને પ્રદ્યુમ્ન સાડા આઠ કરોડ મુનિઓ સાથે ફાગણ સુદ ૧૩ના દિવસે મોક્ષે ગયા હતા એમ મનાય છે. આપણે આ ફાગણી તેરસની છ'ગાઉની યાત્રાનો મહિમા વિશે જાણીએ. જૈન ધર્મ અનુસાર મહાવીર સ્વામી પહેલા પાર્શ્વનાથ ભગવાન અને તેમના પહેલા નેમીનાથ ભગવાન થઇ ગયા. આ નેમીનાથ ભગવાન શ્રીકૃષ્ણ વાસુદેવના પિત્રાઇ ભાઇ હતા. કૃષ્ણના બે પુત્રો શાંબ અને પ્રદ્યુમને નેમીનાથ ભગવાન પાસે દિક્ષા અંગીકાર કરેલ. નેમીનાથ ભગવાને તેમને શેત્રુંજય પર્વતનો અને સદભદ્ર નામના શિખરનો મહીમા સમજાવ્યો જેના કારણે શાંબ અને પ્રદ્યુમન સેંકડો મુનીઓ સાથે સાધના કરવા શત્રુંજય ગયા. સદભદ્ર શિખર પર તેમણે મુનીઓ સાથે ઉપવાસ કર્યા અને બધા મુનીઓ સાથે બે ભાઇઓ ફાગણ સુદ તેરસના દિવસે મોક્ષમાં ગયા.

શાંબ અને પ્રદ્યુમને મુનીવરો સાથે જે શીખર ઉપરથી નિર્વાણ પ્રાપ્ત કર્યુ તેનું નામ સદભદ્રગીરી હતું જે અત્યારે ભાંડવાના ડુંગર તરીકે ઓળખાય છે. આનું આ નમા પડવાનું કારણ એ છે કે શાંબ અને પ્રદ્યુમન શ્રીકૃષ્ણના ભાંડુ (સંતાન) હતા. આ ભાંડુઓ અહીં નિર્વાણ પામ્યા ત્યારથી એ ગિરિરાજ ભાંડુઓના ડુંગર તરીકે ઓળખાવા લાગ્યા પછી અપભ્રંશ થતા આજે તેને ભાંડવાનો ડુંગર કહે છે. ગિરિરાજની દોઢ ગાઉ, છ'ગાઉ તથા બાર ગાઉ એમ પ્રદક્ષિણા ફેરી કરી શકાય છે. ભાવિક યાત્રાળુઓ પાલિતાણામાં દાદાની યાત્રા કરી પાલિતાણાથી નીકળીને ડેમ જાય છે ત્યાં યાત્રા-દર્શન કરીને કદંબગિરિ જાય છે. ત્યાં નીચે અને ઉપર જિનમંદિરમાં દર્શન પૂજા કરીને પાછા પાલિતાણા આવે છે. પછી ત્યાંથી હસ્તગિરિ ઉપર જૂના ચરણપાદુકા અને નૂતન જિનમદિરનાં દર્શન પૂજન કરીને પાછા આવતા પાછળના રસ્તે ઘેટી ગામ આવે છે. ત્યાં દર્શન યાત્રા પૂરી કરે છે. આ રીતે શ્રી શત્રુંજય ગિરિરાજની પ્રદક્ષિણારૂપ છ'ગાઉની યાત્રા થાય છે.

પ્રદક્ષિણા પૂરી કરીને આવનાર ભાવિકો માટે અનેક જૈન મહાજનો તથા સેવાભાવી સંસ્થાઓ, જૈન દાનવીરો તરફથી પાલોમાં ખાવા-પીવા, મેડિકલ, આરામની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. અહીં ઉનાળો શરૂ થઇ જતા તડકો ખૂબ જોરમાં હોય છે ત્યારે તરબૂચ, દ્રાક્ષ, થેપલા, ખાખરા, દહીં, પૂરી, ગાંઠિયા, લીંબુ સરબતની વ્યવસ્થા યાત્રાળુઓ માટે કરવામાં આવે છે. આ યાત્રાની વિશેષતા એ છે કે નાના બાળકોથી લઇને વૃદ્ધો પણ આ કઠિન જાત્રા કરે છે.

# હોળી-ધુળેટી

શાસ્ત્રો મુજબ હોળીના આઠ દિવસ પહેલા હોળાષ્ટક બેસી જાય છે, જેમાં કોઇપણ શુભ કાર્યો કરવામાં આવતા નથી. આ વર્ષે ૨૪.૨.૨૬ થી ૩.૩.૨૬ સુધી હોળાષ્ટક રહેલ. 'હોળાષ્ટક' શબ્દ 'હોળી' અને 'અષ્ટક' (આઠ દિવસ) પરથી આવેલ છે. આ વર્ષે હોળી પ્રાગટ્ય અને હોળાષ્ટકના સમયગાળા દરમ્યાન ભારતમાં ચંદ્રગ્રહણની છાયામાં ધુળેટી પર્વ મનાવવામાં આવશે.

હોળાષ્ટક પાછળ ભક્ત પ્રહલાદની પૌરાણિક કથા જોડાયેલ છે. દૈત્યરાજ હિરણ્યકશ્યપે પોતાના પુત્ર પ્રહલાદની વિષ્ણુ ભક્તિથી ક્રોધિત થઇ તેને મારી નાખવાનું નક્કી કર્યું હતું. હોલિકા દહનના આઠ દિવસ પહેલાંથી જ હિરણ્યકશ્યપે પ્રહલાદને અત્યંત ક્રૂર શારીરિક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. આ આઠ દિવસો પ્રહલાદે ભોગવેલી યાતનાઓના પ્રતીક હોવાથી એને શોક અને અશુભ સમય માનવામાં આવે છે. આઠમા દિવસે (પૂનમે) જ્યારે હોલિકા પ્રહલાદને ખોળામાં લઇ અગ્નિમાં બેઠી, ત્યારે પ્રહલાદનો આબાદ બચાવ થયો અને હોલિકા-દહન થયું.

જ્યોતિષીય માન્યતા અનુસાર હોળષ્ટકના આઠ દિવસ દરમ્યાન આઠ મુખ્ય ગ્રહો ઉગ્ર અવસ્થામાં હોય છે. આ ગ્રહોની ઉગ્રતાને કારણે વ્યક્તિની નિર્ણય લેવાની ક્ષમતા નબળી પડે છે અને શુભ કાર્યોમાં વિઘ્ન આવવાની શક્યતા રહે છે. હોળાષ્ટક દરમ્યાન કોઇપણ શુભકાર્યો કરવા જોઇએ નહીં. આ સિવાય આ સમયગાળા દરમ્યાન નવા વાહન, જમીન, મકાન કે સોના-ચાંદીની ખરીદી ટાળવી. નવા વ્યવસાય કે બાંધકામનો પ્રારંભ કે ગૃહ પ્રવેશ ન કરવો. નવવિવાહિત સ્ત્રીઓને આ દિવસોમાં પિયરમાં રહેવાની સલાહ આપવામાં આવે છે. જો કે ધાર્મિક ક્રિયાઓ કરી શકાય છે જેમાં આત્મ-નિયંત્રણ અને ભક્તિ કરી શકાય છે. તેનાથી ગ્રહોના પ્રભાવથી બચી શકાય છે. મંત્રોચ્ચાર, ધ્યાન અને દાન કરવાથી ઘરના વાતાવરણમાં શાંતિ આવે છે. હોળી પછી જીવનમાં નવી ઉર્જા પ્રવેશે છે.

આની વચ્ચે ૩.૩.૨૦૨૬ના રોજ ૨૦૨૬નું પ્રથમ ચંદ્રગ્રહણ થયું. ધાર્મિક માન્યતાઓ અનુસાર, ચંદ્રગ્રહણના ૯ કલાક પહેલા સૂતક કાળ શરૂ થાય છે. આ સમય દરમ્યાન શુભ કાર્યો ટાળવામાં આવે છે, ભગવાનની મૂર્તિઓને સ્પર્શ કરાતો નથી કે પૂજા કરાતી નથી. તેમજ રસોઇ અને ખાવાનું ટાળવામાં આવે છે. ગ્રહણ સમાપ્ત થયા બાદ સફેદ કપડાં, ચોખા, ખાંડ, દૂધ કે ચાંદીનું દાન કરવું શુભ માનવામાં આવે છે. ગ્રહણ પહેલાં ખોરાકમાં તુલસીના પાન અથવા કુશ ઘાસ ઉમેરવાની પરંપરા છે, તેનાથી ખોરાક શુદ્ધ રહે છે એમ માનવામાં આવે છે.

હાર્દિક શુભેચ્છાઓ સહ
રામજીભાઈ કેસરીયા
MICROFINE PRODUCTS
Mfg. of :
Bushes, Dowel Pins, Precision Components.
CNC Turned and Ground Shafts
797, GIDC Industrial Estate, Makarpura, Vadodara - 390010. GUJ.
Email : microfineproducts@gmail.com, microfineproducts@yahoo.com
Mob: +91 85111 63773

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
આપના સમાજના સમાચારો
નિયમિતરૂપે મોકલાવો.
આપ સમાચારો-ફોટા-અહેવાલ
વોટસએપ નં. 9377124582 પર
અથવા
Email: samajdarshan.mail@gmail.com
પર મોકલાવી શકો છો.

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
કચ્છી સાહિત્ય તથા કચ્છની અનોખી માહિતી સાથે ગુજરાતીમાં સંસ્કારી સાહિત્યની સિલેક્ટેડ કૃતિઓનો અદ્‌ભૂત ખજાનો
આપના મોબાઈલ પર નિયમિત ધોરણે અંકો મેળવવા
અહીં ક્લિક કરો


## રાજસ્થાન યાત્રા પ્રવાસના ફોટા














વડોદરાની આજ અને કાલ... સંદેશ

## સંસ્કારી નગરી

લેખક પરિચય: દેવલ શાસ્ત્રી એક જાણીતા કટાર લેખક છે. 'સંદેશ'માં તેમની કોલમ 'મારું વડોદરા' માં આવતા લેખો માહિતી સભર તથા સાહિત્ય સભર હોય છે. એમની અનોખી લેખન-શૈલી મજેદાર છે.

# આર. સી. દત્ત માર્ગ, અલકાપુરી, વડોદરા



વડોદરામાં એક જાણીતો માર્ગ છે, નામ છે ઓ.પી. રોડ મિન્સ 'ઓલ્ડ પાદરા રોડ'. પાદરા ગામ તરફ જતા આ માર્ગનું ગુજરાતી થાય 'જૂના પાદરા રોડ' મિન્સ કે જે.પી.રોડ. હકીકતમાં આ રોડનું મૂળ નામ 'જયપ્રકાશ માર્ગ' છે ! જયપ્રકાશનું શોર્ટ ફોર્મ જે.પી. થાય. જે.પી. ક્યારે ઓ.પી. થઇ ગયા એની ખબર જ ન પડી ! બાત કહાં સે કહાં પહોંચી ?

જે વડોદરા આવ્યા હોય એમણે અલકાપુરી વિસ્તાર જોયો જ હોય, એ વિસ્તારનો મુખ્ય માર્ગ એટલે આર. સી. દત્ત માર્ગ, એટલું સારું કે આ નામ હજી એ જ રહ્યું છે. તો ત્યારે પ્રશ્ન થાય કે આર.સી. દત્ત કોણ હતાં ? કલકત્તામાં ૧૩ ઓગસ્ટ, ૧૮૪૮માં જન્મેલા રમેશચંદ્ર ઉર્ફે બંગાળી પ્રોનાઉન્સમાં રોમેશચંદ્ર દત્તનું પરિવાર ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથે વેપાર કરતું એક સંપન્ન પરિવાર. એ જમાનામાં એજ્યુકેશન પર ખાસ ધ્યાન આપતાં. ૧૮૬૮માં આર.સી. દત્ત ઇંગ્લેન્ડ અભ્યાસ કરવા ગયા અને ૧૮૬૯માં આઇ.સી.એસ. પરીક્ષા પાસ કરી અને ત્રીજો નંબર પણ લાવ્યા. ત્રણ વર્ષ બ્રિટન રહ્યા અને થ્રી યર્સ ઇન ઇંગ્લેન્ડ નામનું પુસ્તક પણ લખ્યું, જે બ્રિટિશ રેફરન્સ માટે આજે પણ અભ્યાસમાં લેવામાં આવે છે.

ભારત પરત આવ્યા પછી એવું કહી શકાય કે લગભગ ક્લાસ વન અધિકારી તરીકે સેવા આપી. ઉચ્ચ હોદ્દાઓ પર કામ કરનારા પહેલા ભારતીય બન્યા. બ્રિટિશરો સાથે કામ કરતાં તેમણે જોયું કે ભારતીયોને ખૂબ અન્યાય કરવામાં આવે છે. તેઓ ભારતીય કોંગ્રેસના અધ્યક્ષ પણ બન્યા હતાં.

ભારતીય દર્શન શાસ્ત્ર, ઇતિહાસ અને ઇકોનોમિક્સના મેધાવી આર.સી. દત્તે ખૂલ્લેઆમ ભારતની સ્થિતિ માટે બ્રિટિશરોને જવાબદાર ઠેરવ્યા. પુરાવા સાથે પુસ્તકો પણ લખ્યા. ભારતીય અર્થશાસ્ત્ર પર વર્ષ ૧૯૦૦થી પુસ્તકો લખવાના શરૂ કર્યા. ભારતના દુકાળો પર 'ફેમિન્સ એન્ડ લેન્ડ એસેસમેન્ટ ઇન ઇન્ડિયા' પુસ્તકમાં લખ્યું કે છેલ્લા પચાસ વર્ષના દુષ્કાળમાં બ્રિટિશ સત્તાવાળાઓની જાણી જોઇને કરાયેલી નિષ્કાળજીને કારણે દોઢ કરોડ ભારતીયોએ પ્રાણ ખોયા.

દુષ્કાળ કોઇ એક વિસ્તારમાં હોય, આખા દેશમાં ન હતો છતાં જ્યાં અનાજ થતું ત્યાંથી બીજે પહોંચાડવાને બદલે ગોડાઉનમાં ભરી રાખવામાં આવતું. જમીન પર વેરા ઉઘરાવવામાં એટલી સખ્તાઇ કરવામાં આવતી કે ખેડૂત શાહુકાર પાસે ઉંચા વ્યાજે પૈસા લેતો અને એ જ વિષચક્રમાં ફસાતો જતો.


ભારત એ સમયે વિકાસ કરે એ માટે ઉદ્યોગ પર ટેક્સ રાહત, ખેડૂત પર વધારાના ટેક્સમાંથી માફી તથા શાહી અને સૈન્ય ખર્ચ માટે કોઇ પણ સેસ લાદવા નહીં જેવા અનેક સુધારા માટે સીધી વોઈસરોય લોર્ડ કર્ઝનને ખૂલ્લા પત્રો સાથે ન્યાયની માંગ કરી અને એને લગતા પુસ્તકો લખીને ઠપકારતા. 'ઇકોનોમિક હીસ્ટ્રી ઓફ બ્રિટિશ ઇન્ડિયા'માં મહારાણીના સીધા શાસનના પચાસ વર્ષનો વૃતાંત લખ્યો.

આર.સી. દત્તે મહાભારત અને રામાયણ ગ્રંથોનું કાવ્યાત્મક અંગ્રેજી ભાષાંતર કરીને દુનિયા સમક્ષ ભારતીય ગ્રંથો રજૂ કર્યા. ઋગ્વેદનો બંગાળી ભાષામાં અનુવાદ કર્યો. ભારતીય સનાતન ધર્મ અને ઇતિહાસના વાંચનમાં રસ હોય તેમણે ખાસ આર. સી. દત્તના અદભૂત પુસ્તકો વાંચવા અને વસાવવા જોઇએ.

એની વે, આર.સી. દત્ત અને વડોદરા. તો ૧૯૦૪માં તેઓ ઓરિસ્સામાં કમિશ્નર પદેથી નિવૃત્ત થયા પછી ઓગષ્ટમાં વડોદરા આવ્યા. સર સયાજીરાવ ગાયકવાડના એક ખાસ મિત્ર તરીકે વડોદરા રાજ્યમાં અમાત્યના હોદ્દા પર સેવાઓ આપી. ૧૯૦૭ થી ૧૯૦૯ ઇંગ્લેન્ડ ગયા, વડોદરા પરત આવતા દીવાનપદે નિમણૂંક થઇ. કમનસીબે ૧૯૦૯માં 30 નવેમ્બર બિમારીમાં નિધન પામ્યા.

અત્યંત અભ્યાસુ આર. સી. દત્તે વડોદરામાં ફરજિયાત શિક્ષણ પર ભાર મૂક્યો. વડોદરા રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ એટલે કે સુધરાઇ, પંચાયત અને મ્યુનિસિપાલિટી જેવી સંસ્થાઓને વિકાસ માટે વધુ તકો અને સ્વતંત્રતા અપાવી. વહીવટી અને ન્યાયતંત્ર છૂટું પાડવાનો પ્રયોગને પૂર્ણ સફળ વડોદરા રાજ્યમાં આર. સી. દત્તે કરી બતાવ્યો.

ખેડૂતો માટે મહેસૂલ સુધારા વડોદરા રાજ્યમાં આર.સી. દત્તના પ્રયાસોથી થયા. જમીન અને અન્ય પરિબળો આધારિત મહેસૂલ લેવાની પ્રથા શરૂ થઇ, જેનું પરિણામ એ આવ્યું કે વડોદરા રાજ્યમાં ગામડાઓમાંથી માઇગ્રેશન ઓછું થયું. ખેડૂત સિવાયના વ્યવસાય માટે અસંખ્ય પરચૂરણ ટેક્સ હતાં, જે નાબૂદ કરીને ઇન્કમટેક્સ દાખલ થયો, એમાં પણ સંજોગો મુજબ માફી મળવા લાગી. પ્રારંભમાં સો રૂપિયા વાર્ષિક આવક સુધી માફી હતી, જે વધીને ત્રણસો રૂપિયા સુધી પહોંચી. પછી છેક સાડા સાતસો સુધી માફી. એની ઉપર આવક હોય તો દશ ટકા કર. આર.સી. દત્તના પ્રયાસોને લીધે વડોદરા રાજ્યમાં ૧૯૦૯થી તમામ આયાત,




નિકાસ અને ઓક્ટ્રોય નાબુદ થતાં વડોદરા રાજ્યમાં ઇન્ડસ્ટ્રીઝ આવવા લાગી. ઇવન પોસ્ટના સ્ટેમ્પ મફત કરવામાં આવ્યા. વેપાર આવતા ૧૯૦૮માં વડોદરા રાજ્યની બેંક ઓફ બરોડા લિ.ની સ્થાપના થઇ. એમના માનમાં પોસ્ટલ સ્ટેમ્પ પણ બહાર પાડવામાં આવેલ.

# ટચૂકડી જાહેરખબર – ક્લાસીફાઈડ



## ટચૂકડી જા.ખ.ના RATES

પ્રથમ ૨૦ શબ્દોના રૂ.૧૦૦ (ફિક્સ)ગણાશે. Englishના shortform ને આખો શબ્દ ગણવામાં આવશે. (2 BHK એટલે ૨ નહીં પણ ૪ શબ્દ) હેડીંગના રૂ. ૧૦/– એક્સ્ટ્રા થશે. ૨૦ શબ્દ પછીના વધારાના શબ્દ દીઠ રૂ. ૩/–

જાહેરખબર મળ્યા બાદના પ્રથમ અંકમાં પ્રકાશિત કરવા પ્રયત્ન કરાશે. જાહેરાતનું લખાણ whatsApp No. 9377124582 પર કે samajdarshan.mail@gmail.com પર મોકલવું. પેમેન્ટ ઉપરના ફોન પર કોઈપણ પેમેન્ટ ઍપ દ્વારા કે UPI id: npbaroda@okicici પર મોકલી શકો છો.

## BOX

**Advertise Rate**

DISPLAY BOX
Size : 82 x 72 mm
Rate: 200/-
(For 6 Mo./ 12 Ads.
Rs. 1000/- and
For 12 Mo./ 24 Ads.
Rs. 1900/- only)
ONLY TEXT MATTER, LOGO ETC. WILL BE XTRA
DIFFERENT MATTER CAN BE SET FOR DFFERENT ADVTS.

This E-Magazine is edited & published by Navin Patel of Vee Kraft at D/601, Samrudhi Satvik, Nr. Darshnam Antica, Bh. Bansal Mall, Danteswer, Vadodara 390004, GUJ for Mrs. V. N. Patel, owner & residing at same address as above.

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે પેમેન્ટ મોકલતા પહેલા, કોઈ પ્રકારના કરાર પહેલા અમારી સાથે પૂછપરછ કરવી. અહીં આવતી કોઈપણ પ્રોડક્ટ કે સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તે વિશે જે તે જાહેરાત આપનાર જવાબદાર છે અને કોઈપણ બાબત માટે આ E-magazine 'વડોદરાનું કચ્છીઓનું સમાજ દર્શન' ના માલિક,તંત્રી કે પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

*Zalak Maheshwari*
M :9662 42 41 40

VARIANT Cooking & Baking Classes

*New Vision & New Varieties*



B-318, Neelkanth Palace, Opp. Seema Hall, 100 Feet Road,Satelite, Ahmedabad - 380015
Website : www.variantclass.in
Email: variantclass@gmail.com



*Varsha Patel*
M: 9426326389

SINCE 1995
VARIANT COOKING CLASSES

*Certificate Course*

*A Culinary Art Class*
*Regd. with DIC, Vadodara*
*(Govt. of Gujarat)*

D/601, Smruddhi Satvik, Behind Bansal Mall, Danteswar, Vadodara - 390004.
Website: www.variantclass.in
Email: variantclass@gmail.com

વડોદરાના કચ્છીઓનું
# સમાજ-દર્શન
**મલ્ટી કલર ડીજીટલ જાહેરખબર**

આખા પાનાની જાહેરાત ફક્ત રૂ. ૭૯૨/- માં*
અડધા પાનાની જાહેરાત ફક્ત રૂ. ૩૯૬/- માં*
પા પાનાની જાહેરાત ફક્ત રૂ. ૧૯૮/- માં*

*(૧ વર્ષ = ૨૪ અંક માટેના ૧ જાહેરાતના ભાવ)

### ધંધાકીય

આપ કોઈપણ પ્રકારના અન્ય ધંધા કે દુકાન ધરાવતા હો કે કોઈ આઈટમનું માર્કેટિંગ કરતા હો તો આપના ધંધાકીય વિકાસ માટે આપની જાહેરાત આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

### જ્યોતિષ

આપ જ્યોતિષ, કુંડલી, ભવિષ્યવાણી જેવા વ્યવસાય સાથે સંકળાયેલા હો તો આપના ધંધાકીય વિકાસ માટે અહીં આપની જાહેરખબર આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

### કુરીયર

આપ લોકલ, રાષ્ટ્રિય કે ઈન્ટર નેશનલ કુરીયર કંપની સાથે સંકળાયેલા હો તો આપના ધંધાકીય વિકાસ માટે અહીં આપની જાહેરખબર આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

## કચ્છ અને કચ્છીયતના બે સુંદર સાહિત્યિક સામાયિકો

**કચ્છ-અર્પણ**
કચ્છીઓને સમર્પિત દ્વિમાસિક

**Advt.Tariff for E Magazine**
**'Kutch-Arpan'**
*(bimonthly e-magazine)*

| FULL PAGE | |
|---|---|
| 1 Month | 1 YEAR |
| 2,000 | 10,000 |
| **HALF PAGE** | |
| 1 Month | 1 YEAR |
| 1,000 | 5,000 |
| **QTR. PAGE** | |
| 1 Month | 1 YEAR |
| 500 | 2,500 |
| **DISPLAY AD** | |
| 1 YEAR | |
| 1,000 | |

વડોદરાના કચ્છીઓનું
**સમાજ-દર્શન**
એક મજાનું પખવાડિક
દર મહિનાના ૨જા ને ૪થા શનિવારે

**SPECIAL OFFER For Advt.**
*(2 ISSUES PER MONTH)*
*(50% Off + Extra Discounts)*

| FULL PAGE (2000 per advt) | |
|---|---|
| 6 Months | 12 Months |
| 10,000 | 18,000 |
| **HALF PAGE (1000 per advt)** | |
| 6 Months | 12 Months |
| 5,000 | 9,500 |
| **QTR. PAGE (500 per advt)** | |
| 6 Months | 12 Months |
| 2,500 | 4,500 |
| **DISPLAY Ad (250 per advt)** | |
| 6 Months | 12 Months |
| 1,000 | 2,000 |

વાચક વર્ગ 10,000 + ઉપરાંત છે...જાહેરાતના ભાવ અન્ય કરતા સાવ ઓછા...
મેગેઝીનની ક્વોલિટી 4.6 + rated on E- survey
સુંદર સાત્વિક સાહિત્યનો ખજાનો... અમારા આ મેગેઝીનો...

## Color Advertisement Rates :

Front Page Premium Rates : Rs. 3000 (FULL PAGE ONLY)

| INSIDE PAGES | RATES (Rs.) | SIZE (in cms.) |
|---|---|---|
| FULL PAGE | 2000 | 25 (W) x 31 (H) |
| HALF PAGE | 1000 | 25 (W) x 15 (H) |
| QUARTER PAGE | 500 | 12 (W) x 15 (H) |
| DISPLAY BOX | 300 | 8.2 (W) x 7.2 (H) |

*(Design charges : Full page Rs. 300/-, Half page Rs. 250/-, Qtr. page Rs. 200/-)*

સમાજની જાહેરખબર, અવસાન કે પ્રાર્થના કે શ્રદ્ધાંજલી જાહેરખબર પર ૫૦% ડિસ્કાઉન્ટ

વાગડમાં નોંધપાત્ર કામ કરી રહેલ
સંશોધક લેખક ડૉ. મહાદેવ બારડની
કલમની સાથે માણીએ...

## વાગડ વૈભવ

લેખક : ડૉ. મહાદેવ બારડ, મો: ૯૭૧૪૮૩૪૨૨૩

# સાભરમતી નદી કિનારેનું પલાંસવા





રાપર મથકથી ૩૭ કિમી દૂર સાભરમતી નદીના કિનારે વસેલું પલાંસવા ગામ લગભગ ૬૫૦ વર્ષનો ગૌરવશાળી ઇતિહાસ ધરાવતું ગામ છે. પલાંસવા ગામનું નામ અહીં વર્ષો પહેલાં પલાસ (ખાખરા)નાં વન પરથી પડ્યું હોવાનું માનવામાં આવે છે. પલાંસવા ગામની આસપાસમાં ત્રણ જુદી જુદી વસાહતો હતી. હાલનું પલાંસવા રાજપૂતોની વસાહતની પરંપરાઓનો જીવંત અવશેષ છે.

પલાંસવા ગામની આસપાસમાં ત્રણથી ચાર વસાહત કાઠીઓની હતી. કાઠી સમાજના પૂર્વજો સિંધના નગરસમૈયા વિસ્તારમાંથી આવીને કચ્છમાં આવ્યા હતા. જેઓ સૂર્ય, અગ્નિ, જળ અને શિવના ઉપાસકો એવા કાઠીઓએ પલાંસવામાં અનેક તળાવો જેવા કે મેઘાસર, વેરાસર, ટોડારૂ, રાણીસર અને પીપળિયાસરીનું નિર્માણ કર્યું, જે આજે પણ જોવા મળે છે. જાગેશ્વર મહાદેવના મંદિરની સ્થાપના કાઠીઓએ કરી છે. એક સમય પલાંસવા વાઘેલાઓની જાગીરમાં પ્રભાવશાળી જાગીર ગણાતી હતી.

વાઘેલા જાગીરનો ઇતિહાસ વીરતા,માતૃભક્તિ થી ભરેલો છે. પૂંજાજી વાઘેલાની ગાથા તો ગામના ગૌરવની શિરમોર છે. શારદા સહાય છે, મુખેથી મોત જરે જેવા ગરબા આજે પણ ગુંજાય છે. પલાંસવા જાગીરદાર પરિવારના સબંધો કચ્છ, જામનગર અને કાઠિયાવાડમાં છે. ભારતના ચીફ ઑફ આર્મી રાજેન્દ્રસિંહજીનું પલાંસવામાં મોસાળ હતું, તેમણે હેલિકોપ્ટરથી અહીંની મુલાકાત લીધી હતી. કવિ કલાપી અને પલાંસવા જાગીરદાર બન્ને રોહા જાગીરમાં પરણ્યા હતા. કચ્છ મહારાવશ્રી ભારમલજીના સમયમાં અહીંના રાજવી ચાંદાજી વાઘેલા અને સરમણની શૌર્યગાથા આજે પણ કાનમેરના ડુંગર પર આવેલા પાળિયાઓમાં અમર છે.

આજે પલાંસવા આશરે ૭૦૦૦ની વસતી ધરાવતું ગામ છે. જ્યાં રાજપૂતો, ભરવાડ, જૈન, પ્રજાપતિ, બ્રાહ્મણ, વાણિયા, સોની, લોહાણા, કોલી ઠાકોર, બાવાજી, ગોસ્વામી, દરજી, વાળંદ વગેરે જ્ઞાતિઓ વસવાટ કરે છે. ગામમાં રાઠોડવાસ, ચાવડાવાસ, દરબારવાસ, જોગુવાસ, ખોડવાસ, ધીંગાણીવાસ, ઉમટવાસ, જેહગાણીવાસ, વણોલવાસ, દસાણીવાસ, જગાણીવાસ, પીરાણીવાસ, ગોહિલવાસ, ચૌહાણવાસ, દેવાસરીવાસ, ભરવાડવાસ, આડેસરાવાસ, બ્રાહ્મણ શેરી વગેરે રહેઠાણ વિસ્તાર આવેલા છે.

પલાંસવામાં ગઢ નથી, કારણ કે રાજપૂતોએ ગઢ બનાવવા સામે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો કે અમે છીએ એટલે જ ગઢ જ છે ! આ આત્મસન્માન આજે પણ ગામની ઓળખ છે. જૈન સમાજનો પણ અહીં ઊંડો વારસો છે. કનકસૂરિશ્વરજી મહારાજનું જન્મસ્થળ, જીતવિજય,પદ્મવિજય, હિતવિજય મ.સા.ની નિર્વાણભૂમિ તથા પ્રખ્યાત વૈદરાજ વાલજી દોશીની રણપૂરતી ગૌશાળા પલાંસવાની વિશેષ ઓળખ છે.

આ ગૌશાળા ક્યારેય મદદ માગતી નથી અને ‘અજાચક વ્રત’ તેનો અનોખો સિદ્ધાંત છે અને આજે પણ તેમ જ ચાલી રહી છે. પલાંસવામાં રૂપેશ્વર મહાદેવ, જૈન દેરાસર, રામમંદિર, સ્વામિનારાયણ મંદિર, બાપા સીતારામ મઢી, નાગમતી નાગવાળો અને પીંગળશ્યામનું ‘તરૂર્ણાક સૂર્યમંદિર’ અદ્વિતીય છે. ભારત નેપાળના ચાર સૂર્ય અવતારોમાં એક અવતાર પલાંસવામાં હોવાથી આ સ્થાન આધ્યાત્મિક દષ્ટિએ ખૂબ મહત્વ ધરાવે છે.

પલાંસવા આજે સ્વ.પેથાજી ખોડના નામે વિશેષ ઓળખ ધરાવે છે. બે ટર્મ સુધી તાલુકા પંચાયત પ્રમુખ અને ગામના સરપંચ રહી, સાથે પાણી પુરવઠા બોર્ડના ડાયરેક્ટર તરીકે સેવા આપીને તેમણે અનન્ય ઓળખ ઊભી કરી છે. ભારત આઝાદ થયા પછીથી વર્તમાન સુધી તેમનો પરિવાર સરપંચ પદે રહ્યો છે.

પલાંસવામાં ગોરાળ, થરીયા, ભગતીયા, સરાણ, કોબા, હજીરા, ગામોટીયા, પાવડીયારાથર, ભમીયાસર, ટોડારા, સોથાહરા, ભગતીયા, કુંભારીયા, પાગડીયુ, આંબલા, કારીવારા, ખારાપાટ, તરજારીયા, રાતોડ, મોઢવટા, જાગશી, રાણીસર, વેગદીયા, સેલરી, પાસી, ભોજીયાતર, ત્રકિયા વગેરે સીમાડા આવેલ છે. ગામમાં રૂપેશ્વર મહાદેવ તળાવ, જૂના મહાદેવ ડેમ, મુંજાસર તળાવ, આડપારો, શિવહરી, દેવાસરી, રાણીસર, સોઢીસર, સાંગાસર વગેરે તળાવો આવેલ છે.

વિકાસ ને વર્તમાન જોઇએ તો પ્રાથમિક થી માધ્યમિક શાળા, પોસ્ટ ઓફિસ, પેટા આરોગ્ય કેન્દ્રો, આંગણવાડી, સહકારી મંડળી, કેડીસીસી બેન્ક અને છાત્રાલય જેવી સુવિધાઓ છે. પલાંસવા NH-15 પર હોવાથી વાહન વ્યવહાર સજ્જ ગામ છે. ગામના પાદરમાં મુસ્લિમ બાદશાહ સામે લડાઈના નાગા સાધુઓના ઐતિહાસિક પાળિયાઓ આજે પણ પૂજાય છે. અહીં તળાવમાં ઐતિહાસિક વાવ, મુરાજી રાજપૂતનો અને તેમનાં કુતરાનો પાળિયો આવેલ છે. સંત ત્રિકમ સાહેબના શિષ્ય ધર્મદાસ બાપુની સમાધિ પણ અહીં છે. પલાંસવા-કાનમેર પાણી યોજના બહુ ઉપયોગી સિદ્ધ થયેલ છે.

પલાંસવા ગામથી મુંજાસર તળાવ સુધી પાકા ડામર રસ્તાની જરૂરત છે ઉપરાંત મુંજાસર તળાવમાં ક્ષારને કારણે છ મહિનામાં પાણી ખારું થઇ જાય છે. ગામમાં પીવાના પાણી માટે પાઇપલાઇનની જરૂરત છે.

પલાંસવામાં ખેતી મુખ્ય આજીવિકા છે. અહીં એરંડા, કપાસ, જીરૂં રું વગેરેનું ઉત્પાદન અહીંનો આર્થિક આધાર છે. ગામના આગેવાન જગદીશસિંહ વણોલ જણાવે છે કે પલાંસવામાંથી બે આઇ.એ.એસ., ૩ સર્જન, ૧૦ સી.એ. તથા એન્જીનીયર થયા છે.

પલાંસવા ગ્રામ પંચાયતમાં આવતા જાવાવાંઢ નજીક ૧.૫ કરોડ વર્ષ પહેલા જંગલ હોઇ ત્યાં હાથી, જીરાફ, ગેંડો જેવા જીવોના હાડકાના ફોસિલ કચ્છ યુનિ.ના ડૉ. ગૌરવ ચૌહાણને મળ્યા છે. જેના પર રીસર્ચ પેપર લખેલ છે.

(માહિતી સૌજન્ય: બાબુલાલ ગોર, કિશનસિંહ ખોડ, સુરેશસિંહ ચાવડા, વેલજીભાઈ સોલંકી, પ્રભુજી ચાવડા, જગદીશભાઈ વણોલ, કાનાભાઈ ગોહિલ, શંભુજી ગોહિલ, કાનજી ગોહિલ, મહાવીરસિંહ જોગુ, શકતાભાઈ ભરવાડ ને લેખક: ડૉ. મહાદેવ બારડ.)

## ફોટો બોલે છે... ૩૯

Photo & Story by
Satish Shanischara, Mandvi.
M: 9925169693




બાળપણની વેદના અને જવાબદારીનો બોજ. જે ઉંમરે હાથે રમકડાં પકડીને સપનાઓની દુનિયામાં વિહાર કરવાનો હોય, એ જ કોમળ હાથે આજે જીવનના નિર્વાહ માટે વાસ્તવિકતાના બજારમાં ‘રમકડાં’ સજાવ્યા છે. આ માત્ર ધાતુના વાસણો કે રમકડાં નથી, પણ એક માસૂમ બાળકીના ખભે મુકાયેલો એ જવાબદારીનો બોજ છે, જેણે તેના શૈશવને ક્યાંક પાછળ છોડી દીધું છે.

બીજા બાળકોના ઘરમાં ખુશીઓ અને રમતનું માધ્યમ બનતી આ બાળકી, પોતાના બાળપણના નિખાલસ હાસ્યને કદાચ ગરીબીના પલડે તોલી રહી છે. તેના નમ્ર ચહેરા પર ભલે થાક હોય, પણ તેની મહેનત અને સંઘર્ષની આભા સાહિત્યના કોઇ કરૂણ કાવ્ય જેવી ભાસે છે. આ તસ્વીર મૌન રહીને પણ સમાજને એક સવાલ પૂછે છે કે, શું દરેક બાળકના નસીબમાં ‘બાળપણ’ હોય છે ખરું ?



હાર્દિક શુભેચ્છાઓ સહ...
નરેન્દ્રભાઈ મોમાયા
M: 9879913377
કુસુમબેન મોમાયા
M: 9428693309
કેવલ મોમાયા
રશ્મીબેન મોમાયા
જિનય મોમાયા
પાર્શ્વી મોમાયા
કચ્છી ગૃહઉદ્યોગનાં ઘઉંના લોટમાંથી
હાથ બનાવટનાં શુદ્ધ, સાત્વિક,
ઉત્તમ ક્વોલીટીનાં ખાખરા
સાદા ખાખરા
જીરા ખાખરા
મેથી ખાખરા
ચટપટા ખાખરા
➢ સાદા ખાખરા
➢ શુધ્ધ ઘી ખાખરા
➢ જીરા ખાખરા
➢ મેથી ખાખરા
➢ ખીચડી ખાખરા
➢ ચટપટા ખાખરા
➢ ડાયેટ ખાખરા
➢ ચકરી
➢ ફરસી પુરી
➢ જાડી સેવ
F-15, Saraswati Nagar, KDO Nagar, Opp. Kalavati Hosp.,
Nr. Vimalnath Derasar, Warasiya Ring Road, Vadodara-6




Kala Craft
Traditional & Creative
Craft Collection
Kala Craft
5, B.N.Chambers, Opp. Welcome Hotel
R.C.Dutt Road, Alkapuri, Vadodara, Guj
Mobile: 9624018211




ભક્તામર સ્તોત્ર
રત્નાકર પચીસી
જૈન ધર્મના આચાર્યો રચિત
આત્મ કલ્યાણકારક અદ્ભુત રચનાઓ
જિનવર ભક્તિ સ્તવનાવલિ
પ્રભુ ભક્તિ-જિન વંદનાના
સ્તવનો - ભક્તિ ગીતોનો સંગ્રહ
આત્મ - કલ્યાણ સ્તવનાવલિ
આત્મજ્ઞાન આપનારા
સ્તવનો - ભક્તિ ગીતોનો સંગ્રહ
કિંમત રૂા. ૨૦ થી ૩૦ સુધી
બાતેં છોટી... લેકિન અનોખી...
સર્વોદયસાગર સુવિચારમાલા
નૂતન સુવિચારો...
પ.પૂ. ગુરૂદેવ શ્રી નરેશમુનિના
નૂતન સુવિચારો - ૧
આપના સ્વજનોની યાદો
ચિરંજીવ બનાવો...
જિનવર ભક્તિ સહ
આત્મીય-જ્ઞાન
આપતી પૉકેટ સાઈઝ
પુસ્તિકાઓ
ધાર્મિક અનુષ્ઠાનો,
પૂણ્ય તિથિ કે
જન્મ તિથિ દરેક પ્રસંગે
પ્રભાવના રૂપે યોગ્ય...
➢ આપ્તજનોને શ્રદ્ધા-કુસુમ અર્પણ કરવા પાંચ પુસ્તિકાઓનો સુંદર સંગ્રહ.
➢ સદ્દગત - પરિવારના ફોટા, પરિવારજનોના નામો સાથેનું કાયમી સંભારણું.
➢ ઘર/ઑફિસમાં સાથે રાખી ભક્તિ-ચિંતન-મોટીવેશન માટે ઉપયોગી.
ક્વોલિટી ડીજીટલ કલર પ્રિન્ટીંગ, લેમીનેટેડ ટાઇટલ, કુરિયર ડીલીવરી, વાજબી ભાવ.
વધુ માહિતી માટે સંપર્ક : નવીન પટેલ: 9377124582 (ALL INDIA DELIVERY)




રૂપારેલ પરિવાર તરફથી
આપ સહુને
હોળીના તહેવારની
ખૂબ ખૂબ શુભકામનાઓ...
કમલેશભાઇ રૂપારેલ
જયભાઇ રૂપારેલ
ખુશ્બુ રૂપારેલ
હિત રૂપારેલ
તથા
સમગ્ર પરિવાર
કચ્છ કોઠારા
વડોદરા

કચ્છી લોકસાહિત્યની કથાઃ ૨૯

ગતાંકથી આગળ...

# નાગવાળો - નાગમતી

સ્વામી સચ્ચીદાનંદના પુસ્તક 'કચ્છી કથાઓ'માંથી સંક્ષિપ્તમાં

'ઊભા રહો, નાગવાળા ! હું શોધી આપું.' એમ કહીને નાગમતી વાંકી વળીને જળમાં નાગવાળાનો વેઢ શોધવા પ્રયત્ન કરે છે, ત્યાં તો વહેલી સવારે ગયેલા નાગવાળાની પાછળ શંકા જતાં પગેરું લેતી આણલદેવી આવી પહોંચી. બંને વચ્ચે ઘોડો રાખીને ઊભી રહી ગઇ, પછી નીચે કૂદીને નાગમતીના વાળ પકડીને ઝપાઝપી કરવા લાગી.

આ જોઇ નાગવાળાને આણલદેવી પર ક્રોધ ચઢ્યો ને ઉશ્કેરાયેલો નાગવાળો હાથ ઉપાડે તેના પહેલાં જ પરિસ્થિતિ પારખી આણલદેવી ઘોડે ચઢીને પુરપાટ ભાગી ગઇ.

સમય જતાં કચ્છમાં સારો વરસાદ થયાના સમાચાર મળતાં જ કાનસુઓ સમિયાણાની સીમમાંથી ઉચાળા ભરીને પોતાનાં બધાં પશુઓ લઇ કચ્છ તરફ ચાલી નીકળ્યો. નાગમતીને જવું ન હતું. તેનું આકર્ષણ નાગવાળો હતો. પણ તે લાચાર હતી.

પિતાની આજ્ઞા પ્રમાણે તે પણ સૌની સાથે પાછી વળીવળીને જોતી જોતી ચાલતી થઇ. પણ જતાં પહેલાં તેણે એક પથ્થરની શિલા ઉપર એક દુહો લખી દીધોઃ

'અમે પરદેશી પાન, વાને વંટોળે આવિયાં, કોણે ન દીધેલ માન, પાદરથી પાછાં વળ્યાં. આવેલ ઉભે દેશ, ગંજો કો ગમિયો નહીં, નાગડ, તારે નેસ, મનડે માળો બાંધિયો.'

રોજના નિયમ પ્રમાણે નાગવાળો ઘોડો લઇ કાનસુઆના નેસે પહોંચ્યો તો ત્યાં ચકલુંય ન દેખાયું. બાવરો થઇ તે રડી પડ્યો. થોડીવારે અહીં ત્યાં ભટકતા તેની નજર પેલી પથ્થરની શિલા ઉપર પડી. ત્યાં લખેલો દુહો વાંચી તે ઢળી પડયો.

ઘણા દિવસો સુધી તેણે મનને મનાવવા પ્રયત્ન કર્યા. વિયોગમાં તે અડધા પાગલ જેવો ફરતો રહ્યો અને છેવટે એક દિવસ ચૂપચાપ તે સમિયાણાનો ત્યાગ કરીને કચ્છના માર્ગે ચાલતો થયો. રણ પાર કરી ભૂખ્યો તરસ્યો અંતે કાનમેર પહોંચ્યો.

અહીં તો નાગમતીના સ્વયંવરની પ્રક્રિયા ફરી શરૂ થઇ હતી. બધા સીધા ચાસ પાડવાની કસોટી માટે આવતા ને નિષ્ફળ થતા. નાગવાળો પણ તેમાં જોડાયો. તેનું શરીર કાળું ને દુર્બળ પડી ગયું હતું. તે પણ ખેતી શીખવા લાગ્યો ને સીધા ચાસ કેમ પાડવા તે માટે મથામણ કરી રહ્યો.એક દિવસ નાગમતી તેને જોઇ ગઇ. તેની દશા જોઇ તેને આઘાત લાગ્યો. તે દાસીના વેશમાં ભાથું લઇને પરસેવે રેબઝેબ થયેલા નાગવાળા પાસે ગઇ ને બોલી, 'નાગ ! સાંતીડું છોડ, ખેડુ વિણ ખેડાય ના, આંખો રાતીચોળ, ધમરાણી ધંધે ચડ્યો.'

નાગવાળો તેને ઓળખી ગયો. તેને ખાતરી થઇ ગઇ કે મારી માફક નાગમતીનો પ્રેમ પણ મક્કમ છે. તેને ભારે શાંતિ થઇ. પછી બંનેએ ભાગી છૂટવાની યોજના ઘડી. નાગમતીએ પાદરે આવેલા શિવાલયમાં નિશ્ચિત સમયે મળવાનું ગોઠવ્યું.

તે સમયે નાગવાળો શિવાલયે પહોંચી ગયો. કિલ્લા બહાર બે પાણીદાર અશ્વો તૈયાર હતા. નાગમતી થોડું જર-ઝવેરાત લઇ કિલ્લાના દરવાજે પહોંચી, પણ દરવાજો બંધ થઇ ચૂક્યો હતો. હવે શું કરવું ? પરત જવાય નહીં. આખી રાત તે કિલ્લા પર આંટા મારતી રહી.

બીજી તરફ નાગવાળો શિવાલયમાં આખી રાત પ્રતીક્ષા કરતો-કરતો થાકી ગયો. તેને થયું કે નાગમતી ફરી ગઇ છે. સ્ત્રીઓનો ભરોસો ન કરાય. ક્યારે બદલાઇ જાય તે કહેવાય નહીં.

નાગમતી વિના રહેવાતું ન હતું અને નાગમતી ઉપરથી વિશ્વાસ પણ ઊઠી ગયો હતો એવી સ્થિતિમાં નાગવાળો અંદર શિવાલયમાં ગયો ને ભેટમાં ખોસેલી કટાર બહાર કાઢી બોલ્યો, 'હે મહાદેવ ! હવે મારાથી નાગમતી વિના રહેવાતું નથી ! મને તારી પાસે બોલાવી લે !!' એમ કહીને જોરથી પેટમાં કટારી ભોંકી દીધી. લોહીનો ફુવારો ઊડ્યો. નાગવાળો શિવલિંગ આગળ પડીને તરફડવા લાગ્યો. નાગમતી ! નાગમતી ! એવા પોકાર પાડતો રહ્યો.

એટલામાં તો કિલ્લાનો દરવાજો ખૂલતા નાગમતી મારતે ઘોડે શિવાલય પહોંચી અને નાગવાળાને તરફડતો જોઇ તે ગાંડી જ થઇ ગઇ. તેણે તરફડતા નાગવાળાનું માથું પોતાના ખોળામાં લઇ લીધું. બંને પ્રેમીઓનું મધુર મિલન થયું.

નાગમતીની શોધમાં નીકળેલો કાઠી રાજા સૈનિકો સાથે આવી પહોંચ્યો. શિવાલયનું દશ્ય જોઇ બધાની આંખો ફાટી ગઇ. હવે નાગમતી નાગમતી રહી ન હતી. તેને સત ચડેલું હતું.

કાઠી રાજા પુત્રી નાગમતીની સ્થિતિ સમજી ગયો. તે ડાહ્યો હતો. તેણે સીધો અર્થ કર્યો. પુત્રીના પ્રેમને તે પિછાણી શક્યો. તરત જ નાગવાળાના અગ્નિદાહ માટે ચિત્તા રચાઇ. સૌના જયજયકાર વચ્ચે નાગમતી નાગવાળાને લઇને ચિતા ઉપર ચઢી ગઇ.

પલાંસવા ગામથી નજીક પાવડીયા સીમમાં નાગવાળા અને નાગમતીની દેરી છે જ્યાં તેમના પાળીયા એમની અમર પ્રેમકથાની સાક્ષીમાં ઊભા છે અને શિવાલય પણ જીર્ણ હાલતમાં ઊભું છે.




## કચ્છી કવિતા મહેફિલ

### જ્ઞાન વડો કંધ રે

જ્ઞાન ગિન જ્ઞાન ચાર, જ્ઞાનકે જ આય માન;
અજ્ઞાની જેડ઼ો કો નાંય, જગતમેં નિંઘ રે.

જ્ઞાનિયેંજિયું અખિયું ત્રિકાલકે વિંધે વિજેં;
છતી અખિયેં ચોવાજેતા અજ્ઞાની અંધ રે.

જ્ઞાન જેડ઼ો ઉતમ કો, ચાડ઼ીકો ન હિત જેતેં;
જ્ઞાનિયેં જ ચડ઼ી લધાં અલખજા પંધ રે.

'તેજ' જ્ઞાન ગુણ ગાતેમેં મુંજો ગજો કિતરો?
ગુરુએંજો ગુરુ આય ઈ જ વડો કંધ રે.

કવિ તેજપાલ ધારશી 'તેજ' ના પુસ્તક 'તેજ જો અવાજ -૨'માંથી

### સંગ ન હલંધી

રુડ઼ી કાયા ખાખમેં ખપી વેંધી
રાખ થઇ હવામેં વિનંધી ઉડી
ત ઍંકાર કઢી વિજ ઘટ મિંજા
સંગ ન હલંધી હિકડ઼ી પ કોડ઼ી

મેડ઼ી મોલાતૂં માલમતા ને મોટરૂં
ભલે નાણેં જી તિજોરી વે વડી
ઈ મિંડે હિત જો હિત જ રોંધો
સંગ ન હલંધી હિકડ઼ી પ કોડ઼ી

સોન, ચાંધી કાયાતે મઢેલા હૂંધા
ભલે કબાટમેં નેં કપડ઼ે જી જોડ઼ી
અંત સમો ઈ કીં કમ ન અચીંધો
સંગ ન હલંધી હિકડ઼ી પ કોડ઼ી

હુંભસે મિણીસે હિલીમિલી હલ
ઍંકાર સે કેંસે ગાલ ન કર આડી
ખાલી હથે હલ્યા વેંધાસૂ નિકી
સંગ ન હલંધી હિકડ઼ી પ કોડ઼ી

સમો ખાસો વે ત પરભુ સમરી ગિન
રાગદ્વેસ, ઈરખા કૂડ઼કપટકે ડે છડી
પૂનાઈજી ગઠડ઼ીયૂં ધિલસે બધી ગિન
સંગ ન હલંધી હિકડ઼ી પ કોડ઼ી

- પ્રતાપ નેત્રા, મોઃ ૯૪૨૭૭ ૬૦૪૧૦

કચ્છી લોકસાહિત્ય : 'પિરૂલી': ૪૬

## કારી નારી કુરૂપ, ઓપે અછી રીતેં.
## કારી નારી કુરૂપ (પણ) શોભે સારી રીતેં.

લેખક : શ્રી લાલજીભાઈ મેવાડા 'સ્વપ્ન' મો: 8320313731

લોકસાહિત્યની પરંપરા એ શિષ્ટસાહિત્યની સરખામણીમાં સવિશેષ પ્રાચીન છે. ધોરીમાર્ગ પગદંડીની નિપજ હોય છે. મતલબ કે પગદંડીમાંથી જ ધોરી માર્ગ બને છે. આ બાબત સર્વવિદિત છે. શિષ્ટસાહિત્ય એક યા બીજી રીતે લોકસાહિત્યમાંથી પ્રેરણા અને ક્યાંય પોષણ પામીને રચાયેલું હોય છે.

ઓટલા પર થતી વાતચીત બધા ધ્યાનપૂર્વક સાંભળી રહ્યાં હતાં. પીપળાના ટેટાઓની પક્ષીઓ મિજબાની ઊડાડતા હતાં. તેમનો સતત થતો ભિન્નભિન્ન કલરવ, સંગીતની એક નવી આભા પેદા કરતો હતો.

પીપળાને થતું હશે કે 'આ પક્ષીઓમાં રાતવાસો કરવા આવતાં પક્ષીઓમાંથી એક પણ નથી અને એ એમ પણ વિચારતો કે રાતવાસો રહેતા પક્ષીઓ અહીં ખાવાનું છોડી શું કામ બીજે જતા હશે ?' આ પ્રશ્ન એનો મૂંઝવતો હશે. પવનની સાથે તે આડો અવડો ડોલતો હતો.

પીપળાની જેમ સૂર્યનારાયણને પણ પવન કોઇ અકળ દિશા તરફ લઇ જઇ રહ્યો હોય તેમ લાગતું હતું. દેવદર બાવાજી દીપમાળા માટે વાટ બનાવી રહ્યા હતા. ફકુ પટાંગણની બહાર પક્ષીઓને ચણ આપી રહ્યો હતો. જ્યારથી અહીં રાતરાણીના છોડને રોપવામાં આવેલ છે ત્યારથી તેમાંથી નીકળતી માદક સુગંધ વાતાવરણને પ્રફુલ્લિત કરી દેતી હતી.

આ સ્વાનુભૂતિના આનંદ સાથે અભેસંગે કહ્યું, 'પચાણભાઇ, આજે શું સંભળાવો છો ?'

પચાણભાઈ જાણે એ જ રાહ જોતા હોય તેમ તેમણે કહ્યું, સુણો:

[૧]કારી નારી કુરૂપ [૨]ઓપે [૩]અછી રીતેં.
[૪]મોંઘી મોંઘે [૫]મુલ, [૬]હિત [૭]આવઇ [૮]હેતેં.
રાજા [૯]ડેતો માન, [૧૦]સાલખ [૧૧]સચી [૧૨]જાણઇ.
લોક [૧૩]કોક [૧૪]લિકાય, [૧૫]તોંય [૧૬]પધરી [૧૭]પિનઇં [૧૮]થીએ.

> [૧]કાળી, [૨]શોભે, [૩]સુશોભિત, [૪]મોંઘા, [૫]મૂલ્ય, ૬અહીં, [૭]આવી, [૮]પ્રેમથી, [૯]આપે છે, [૧૦]સજ્જન, [૧૧]સાચી, [૧૨]જાણી, [૧૩]કોઈક, [૧૪]છૂપાવે, [૧૫]છતાં, [૧૬]પાધરી, [૧૭]જાતે, [૧૮]થાય.

પચાણભાએ જેવી પિરૂલી પૂરી કરી કે સહુના વિચારોમાં પરિવર્તન આવી ગયું. દરેકના દિમાગમાં ચાલતા અલગ અલગ વિચારો આ સમયે પિરૂલીની ફોડ બાબત વિચારવા લાગ્યાં. વિચારોના ચક્રવ્યુહમાં એમને એમ લાગ્યું કે સુગંધને કોણે રોકી લીધી?

ત્યાં સામતે કહ્યું કે, 'હું તમને એક પિરૂલી સંભળાવું છું. હું પચાણભાઇને સામે આપતો નથી. 'ખાવાજે પણ ડિસાજે નં.'

બધાને નવાઇ લાગી કે એ વસ્તુ વળી કઇ છે ? સહુ મનમાં હસતા રહ્યાં એટલા માટે કે સામતે જેણે પિરૂલી આપી છે, તેનાથી અગાઉની કોઇપણ પિરૂલી તો હજી ભાંગી નથી શકાઇ એટલે તે ભલે કહેતો કે 'સામે નથી આપતો પણ તેનો અર્થ તો એજ થયો કે તેણે સામી આપી.' બધાના મનમાં આ વાત રમતી રહી હતી.

પણ ત્યાં પચાણભાઇ જાણે સ્વગત બોલ્યા, 'એની ફોડ કસ્તૂરી છે. જે કસ્તૂરીમૃગની નાભિમાંથી મેળવાય છે.'

આ વાતની પૂરક માહિતી આપતાં અભેસંગે કહ્યું કે, 'નરમૃગની દૂંટીમાંથી કસ્તૂરી મેળવાય છે. નરમૃગને નાભિ પાસે એક ગાંઠ થાય છે. તેમાં અત્યંત સુગંધી કાળા ભૂરા રંગનું એક દ્રવ્ય એકઠું થાય છે. તેને 'કસ્તુરી' કહે છે. શિકારીઓ આ મૃગનો કસ્તૂરી માટે શિકાર કરે છે. તેની દૂંટી કાપી લઇ તેને સૂકવે છે, દરેક મૃગમાંથી છ માસાથી દોઢ તોલા સુધી કસ્તૂરી મળે છે.

જુવાન મૃગની કસ્તૂરી બહુ જ સારી અને ખુશ્બુદાર હોય છે. ઘરડા મૃગમાંથી કસ્તૂરીની સુગંધ બહુજ તીવ્ર હોય છે, મૃગની નાભિમાંથી નીકળતી કસ્તૂરી ખરી કસ્તૂરી છે.

આજનું વિજ્ઞાન કોલસામાંથી થોકબંધ બનાવટી કસ્તૂરી બનાવે છે. શુદ્ધ કસ્તૂરીની સુગંધ વીસ વર્ષ સુધી કાયમ રહે એવું મનાય છે. કસ્તૂરીને ખુલ્લી રાખીએ તો તેની સુગંધ ઊડી જાય છે. શુદ્ધ કસ્તૂરી સુંઘવાથી નાકમાંથી લોહી પડે છે.

હાથ ઉપર લસણ ચોળી તેની પર કસ્તૂરી ચોળવાથી લસણની વાસ ઊડી જાય તો કસ્તૂરી સાચી માનવી. કસ્તૂરી જેવો સુગંધી પ્રદાર્થ કેટલાક પ્રાણીઓની નાભિમાંથી નીકળે છે. 'જબાદી' બિલાડીની દૂંટીમાંથી નીકળતી કસ્તૂરી 'જબાદી કસ્તૂરી' કહેવાય છે. પણ તે મૃગની કસ્તૂરી કરતાં હલકી ગણાય છે.

વૈદકમાં ત્રણ પ્રકારની કસ્તૂરી માનવામાં આવી છે.

૧. નેપાળની કસ્તૂરીને 'કપિલ' (સફેદ) કહે છે.

૨. કાશ્મીરની કસ્તૂરીને 'પિંગળ' કહે છે અને

૩. કામરૂપ એટલે સિક્કિમ, ભૂતાન વગેરે દેશની કસ્તૂરીને 'કૃષ્ણ' (શ્યામ) કહે છે.

પણ આ બધામાં બંગાળની કસ્તૂરી વખણાય છે. ઉપરોક્ત પિરૂલીમાં લોકકવિએ તેને કાળી (કૃષ્ણ-શ્યામ) કહી છે. તે ભારતના બંગાળમાં વધારે મળે છે.

અહીં લોકકવિનું આ જ્ઞાન સામાન્ય જ્ઞાન કેટલું વિસ્તરિત છે તેની આ સાબિતી છે.

પુસ્તક 'પિરૂલી પ્રધાનજી-૨'માંથી સાભાર

## કચ્છી મુકતક

કવિ-'તેજ'

**કવિના પુસ્તક 'તેજ જો અવાજ –૧' માંથી**

રાહુ ચોંટે ભલેં કેતુ ચોંટે,
ભલેં સનિજી સાડા સાતી ચોંટે;
'તેજ' હિકડી રે છાલ! કડેં
કેંકે ન કવેંણેજી કાતી ચોંટે.

**કચ્છી ચોવક – ૪૪**

અરવીંદ રાજગોર (મો: ૯૯૮૭૯૬૫૭૯૮)



### ઝિઝેં રાંકે ખડ઼ મોંઘો.

અજ પુતરા ડાડાજી કે પુછ્યોં,
"ઝિઝેં રાંકે ખડ઼ મોંઘો" ઇતરે કુરો?
ડાડાજી ચ્યોં જિત રાંક (ગરીબ) ઝિઝા વેં, ઉત ખડ઼ ગિનેલા લેનું લગેં, ઇતરે ખડ઼ મોંઘો થીએ, ઇતરે કડેં પણ રાંક વારે જી ચીજ ગિનેલા ભજ ત્રસ નં કઈ ખપે. ઇનજી કચ્છી મેં ચૉવક આય
"ઝિઝેં રાંકે ખડ઼ મોંઘો".
આજે પૌત્રોએ દાદાજી ને પૂછ્યું,
"ઝાઝા રાંકે ખોળ મોંઘો" એટલે શું?
જ્યાં ગરીબ વધુ હોય તેઓ ખોળ લેવા લાઈનો લગાડે, એટલે ખરીદવા પડાપડી થાય. એટલે ક્યારે પણ રાંક ની જેમ વસ્તુ ખરીદવા ભાગદોડ ન કરવી. એની કચ્છી માં કહેવત છે.
" ઝાઝા રાંકે ખોળ મોંઘો".

**અજ જી ચોવક - ૪૬**

### ઊ રાઈ-તિર જા લેરવા ગિનંધો

**:: ભાવાર્થ ::**

**ઈશ્વરના દરબારમાં, પોતે કરેલા ઝીણામાં ઝીણાં કરમનો પણ હિસાબ દેવો પડશે. કોઇપણ જાતનું ભલે નાનું પણ અયોગ્ય કામ કદી કરવું નહીં, એનાથી ડરવું.**

**:: શબ્દાર્થ ::**

**રાઈ-તિર : ઝીણાં કરમ લેરવા : હિસાબ**

**-: સંકલન :-**

ડૉ. વિશન નાગડા તથા લક્ષ્મીચંદ ગોગરી

**અજ જી ચોવક – ૪૬**

ડૉ. વિસન નાગડા
(મો: ૯૮૨૦૪૫૬૮૯૯)

## શું તમે જાણો છો ?

# કલકત્તાથી લંડન બસ સર્વીસ




શું તમે ઘણા દેશોમાં બસમાં લાંબી મુસાફરીની કલ્પના કરી છે ? ભલે આ કાલ્પનિક લાગે, પણ તમને આશ્ચર્ય થશે કે વર્ષો પહેલા એક ઐતિહાસિક બસમાં આ એક વાસ્તવિકતા હતી.

દુનિયાના સૌથી લાંબા બસ રૂટમાં ભારતનું સ્થાન હતું જેનો રસ્તો કલકત્તાથી લંડનનો હતો અને આ રૂટ પર ૧૫ એપ્રિલ ૧૯૫૭ થી શરૂ થઇને છેક છેલ્લે ૧૯૭૬ સુધી બસો ચાલતી હતી. તેનું ભાડું શરૂઆતના ૮૫ પાઉન્ડ (આશરે રૂા. ૭૮૯૦/-) થી શરૂ થઇને છેલ્લે ૧૪૫ પાઉન્ડ (આશરે રૂા. ૧૩૧૫૦/-) હતું.


બસનો રૂટ ભારત (કલકત્તા-બનારસ-આગ્રા-દિલ્હી), પાકિસ્તાન (લાહોર-રાવલપિંડી), અફઘાનિસ્તાન (કાબુલ-કંધહાર), ઇરાન (તહેરાન), તુર્કી (ઇસ્તાંબુલ), યુરોપ (બલ્ગેરિયા, યુગોસ્લાવિયા, વિયેના, પશ્ચિમ જર્મની, બેલ્જિયમ)થી લંડન આમ ૧૧ દેશોમાંથી પસાર થતો હતો. આ બસ 'આલ્બર્ટ' તરીકે ઓળખાતી હતી.

આ એક બે-ડેકર બસ હતી જેમાં સૂવાના બંક, રસોડું અને રીડીંગ રૂમ જેવી સુવિધાઓ પણ હતી.

રાજકીય તણાવ અને ઇરાની ક્રાંતિના પગલે ૧૯૭૬માં બંધ કરવામાં આવી.

બસ પર લંડન-કલકત્તા-લંડન રૂટ લખાયેલ હતો. 'આલ્બર્ટ' બસમાં મુસાફરી કરતી વ્યક્તિ વૈભવી મુસાફરીનો આનંદ માણી શકતી. નીચેના ડેકમાં વાંચન અને ભોજન માટે લાઉન્જ હતું અને ઉપરના ડેકમાં આગળ નિરીક્ષણ માટે લાઉન્જ હતું. રસોડું ઉપરાંત રેડિયો અને ટેપ સંગીત સાથે પાર્ટી કરવાની પણ વ્યવસ્થા હતી.

'આલ્બર્ટ' ના મુસાફરોને ટુરિસ્ટ સ્પોટ પર ફરવાનો પણ મોકો મળતો. મુસાફરો વિવિધ સ્થળોની મુલાકાત લેતા જેમાં આગ્રામાં તાજમહેલ, પીકોક થ્રોન, દિલ્હીમાં રાજપથ, બનારસમાં રાઉન્ડ ટુર, અફઘાન આદિવાસી પ્રજા, ખૈબર પાસ, કેસ્પિયન સમુદ્રના કિનારા, તુર્કીમાં ગોલ્ડન હોર્ન, બ્લુ ડેન્યુબ અને રાઇન ખીણ સહિત અનેક સુંદર સ્થળોને આવરી લેતા હતા.




'આલ્બર્ટ'ની જાહેરખબર

કવોરા પર સતીષ બિનીવાલે

# જાણો ને અપનાવો...

## ગીલોય - ડાયાબિટીસ માટે સંજીવની



આપણી બગડતી લાઇફસ્ટાઇલ અને ખાનપાને આપણા શરીરને પેશન્ટ બનાવી દીધું છે. હાલના દિવસોમાં દેશ દુનિયામં મોટાભાગના લોકો લાઈફસ્ટાઈલ સાથે સંકળાયેલ બીમારીથી ગ્રસ્ત છે. આ બીમારીઓમાંથી મુખ્ય એક છે ડાયાબિટીસ.

એક રિસર્ચ મુજબ ભારતમાં યુવાનોમાં ખોટીખાણી-પીણીના કારણે ડાયાબિટીસનું જોખમ ૧૨ થી ૧૮ ટકા વધી ગયું છે. આ આંકડા શહેરી વિસ્તારોમાં વધુ જોવા મળે છે જ્યાં આપણાં પારંપરિક ખોરાકોનું સ્થાન જંક તથા પેકેટ ફૂડે લઇ લીધું છે. ઓનલાઇન ખાવાપીવાની સગવડોના કારણે તેની ક્વોલીટી પર કોઇ નિયંત્રણ નથી. તમારી ફરિયાદ સામે રિફંડના નામે તમારું મોઢું બંધ કરાય છે અને ફરી પાછો એ જ વાસી તથા નિમ્ન સ્તરના ખોરાકનો વેપાર થાય છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૩૦ સુધીમાં ડાયાબિટીસ દુનિયામા ૭મો સૌથી ખતરનાક રોગ બનવા જઇ રહ્યો છે. ડાયાબિટીસમાં ખાણી-પીણી પર નિયંત્રણ રાખવું જરૂરી છે. ખાસ કરીને આપણે મીઠાઇ તેમ જ સાકરવાળા પદાર્થો ખાવાનું ટાળવું જોઇએ. મોટાભાગના ઠંડા પીણાંઓમાં સુગરનું પ્રમાણ ખૂબ જ હાઇ હોય છે અને લો-સુગરના નામે વેચાતી ચીજોમાં પણ સુગરનું પ્રમાણ કોણ માપે છે ? કાયદેસર રીતે આવા ગુનેગારો પકડાતા રહે છે પણ તેમાંથી કોઇપણ પ્રોડક્ટ બંધ કે બેન થયાનું ક્યાં તમે વાંચ્યું છે ? નાના-મોટા દંડ ભરીને ફરીને તેઓ આપણને ઝેર ખવડાવવાનું ચાલુ જરાખે છે.

આ બધાની સામે શું કરવું તે માટે આપણી પાસે ઘણા ઉપાયો તો છે પણ આપણે 'ઘર કી મુર્ગી દાલ બરાબર' એ કહેવતને અનુસરીએ છીએ.

શું તમે જાણો છો કે આપણા આયુર્વેદમાં એવી ઘણી દવાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેને અપનાવીને તમે ડાયાબિટીસને કંટ્રોલ કરી શકો છો. આજે આપણે એક આવી જ જડીબુટ્ટી વિશે જાણકારી મેળવીએ જે ખાસ કરીને ડાયાબિટીસના દર્દીઓ માટે ખૂબ જ ફાયદાકારક છે.

ગિલોય : આ એક આયુર્વેદિક ઔષધિ છે જે બ્લડ સુગરને કંટ્રોલ કરવાની સાથે સાથે અનેક પ્રકારની બીમારીઓમાંથી પીછો છોડાવવા માટે કારગર છે. ઉલ્લેખનીય છે કે આયુર્વેદમાં, ગિલોયને 'મધુનાશિની' તરીકે જ ઓળખવામાં આવે છે જેનો અર્થ થાય છે 'ખાંડનો નાશ કરનાર'. તે ઇન્સ્યુલિનનું ઉત્પાદન વધારવામાં મદદ કરે છે જે બદલામાં સુગર કંટ્રોલ કરવામાં ખૂબ અસરકારક છે. ગિલોય ડાયાબિટીસ તેમજ અલ્સર અને કિડનીની સમસ્યામાં પણ ખૂબ અસરકારક છે. આયુર્વેદ અનુસાર ગિલોયનો ઉકાળો, પાવડર અથવા જ્યુસનું સેવન બ્લડ સુગર ઘટાડવા માટે કરી શકાય છે.

ડાયાબિટિસના દર્દી રોજ સવારે ખાલી પેટ ગિલોયનું જ્યુસ પી શકે છે. સૌથી પહેલા તમે ગિલોયને ૪-૫ પાન અને તેની થોડી ડાળખી લઈને તેનું જ્યુસ બનાવો. તમે ચાહો તો આ જ્યુસને થોડું ટેસ્ટી બનાવવા તેમાં ખીરાકાકડી, ટામેટા પણ ઉમેરી શકો છો.

ગિલોયનો ઉકાળો બ્લડ સુગરના દર્દીઓ માટે પણ ફાયદાકારક છે. ગિલોયની દાંડી લો, તેને સારી રીતે ધોઇ લો અને ગરમ પાણીમાં ઉકાળો. જ્યારે અડધું પાણી રહી જાય તો ગેસ બંધ કરી દો અને ઠંડુ થવા દો અને પછી તેનું સેવન કરો.

ગિલોયના દાંડીના રસ અને બેલના એક પાન સાથે થોડી હળદર ભેળવીને દરરોજ એક ચમચી જ્યુસ પીવો.

(નોંધઃ આ લેખ ફક્ત માહિતીના હેતુ માટે છે અને વ્યાવસાયિક તબીબી સલાહનો વિકલ્પ નથી.)

'વીણેલાં ફૂલની ફોરમ' ના લેખક એટલે કે 'હરિશ્ચંદ્ર' એટલે કે બે સ્ત્રીઓ – ચંદ્રકાન્તા અને હરવિલાસ. બન્ને વિનોબાજીની શિષ્યાઓ તથા ભારતભરના લેખકોની સુંદર વાર્તાઓના ગુજરાતી અનુવાદ કરીને પ્રકાશિત કરનારી. આ વાર્તાઓને આપણા સુધી પહોંચાડનાર એટલે વર્ડપ્રેસના બ્લોગર અતુલ જાની (આગંતુક)ના પણ આપણે ખૂબ આભાર છીએ.

'વીણેલાં ફૂલની ફોરમ'
લેખક–હરિશ્ચંદ્ર

(શ્રી સૂર્યબાળાની હિંદી વાર્તાને આધારે)

# મમ્મી, તું તારામાં ખોવાઇ ગઇ !

રસોડાનું કામ પતાવી એ બાથરૂમમાં ઘૂસી. કપડાં ધોયાં, નિચોવ્યાં અને બે બાલદી ભરી કપડાં લઇ બાલ્કનીમાં આવી. ફટાફટ કપડાં સૂકવી નાખ્યાં. ફરી ઘરનાં કામે વળગી ગઇ.

બપોરે ત્રણેક વાગે સુકાયેલાં કપડાં ઉતારી લીધાં. ગડી વાળીને બધાનાં કપડાંની જુદી જુદી થપ્પી કરવા માંડી. હવે એના દીકરાઓનાં અને પતિનાં કપડાં એટલાં બધાં સરખાં માપનાં થઈ ગયાં છે કે ઓળખવામાં એની વારંવાર ભૂલ થયા કરે છે.

'અરે, મમ્મી ! તું તો કમાલ છે ! આ લેંઘો તો પપ્પાનો છે. આ પહેરણ મારું નથી. તને કેટલીવાર કહ્યું, મારા પહેરણને ખિસ્સાં નથી, એ સૌથી મોટી નિશાની. આટલું તું જોઇ નથી શકતી ?'

એ થોડી ખાસિયાણી પડી જાય છે, પણ વાતને હસી કાઢે છે. છેવટે બધાનાં કપડાં પર નિશાન લગાવ્યાં. જો કે તોય ક્યારેક ભૂલ તો થતી રહી.

બેલ વાગ્યો. એ દોડતીક ગઇ અને બારણું ખોલ્યું. 'આવી ગયો, બેટા ?' એમ હજી એ કહેવા જાય તેટલી વારમાં તો બેટો પોતાના ઓરડામાં ચાલ્યો ગયો.

ફરી બેલ વાગે છે. વહુ આવે છે. 'બહુ થાકેલી લાગે છે.'

'હા, મમ્મી! આજે બહુ કામ રહ્યું,' કહી વહુ પણ પોતાના ઓરડામાં જતી રહે છે.

એ ટેબલ સાફ કરી નાખે છે. તેના પર નાસ્તો ગોઠવી દે છે. ચા બનાવી દે છે. દીકરો–વહુ આવીને ચા–નાસ્તો કરી જાય છે.

ફરી બેલ વાગ્યો અને પતિ આવ્યા. હાથ–મોં ધોઇ એ પણ ટેબલ પર આવે છે. એમની સામે પણ ચાનો કપ અને નાસ્તાની ડીશ મુકાઇ જાય છે. એ પતિની સામે બેસે છે. એને હતું કે પતિ બે વાત કરશે. પણ નાસ્તો કરતાં કરતાં એ તો છાપામાં ડૂબેલા છે. આજે સવારે છાપું નહોતું વંચાયું, તે પુરું કરી નાખવું છે.

ત્યાં દીકરો આવી પૂછે છે, 'મમ્મી ! મારા રૂમમાંથી બામની શીશી તેં લીધી છે ?'

'હા,' કહી ઊઠીને બામની શીશી આપે છે. 'કેમ બેટા, માથું દુઃખે છે? લાવ, બામ લગાવી આપું !'

'મમ્મી, મારું નહીં, લતાનું.' કહી દીકરો ઝટ ચાલ્યો જાય છે. એના મનમાં જરીક વિચાર આવી જાય કે દીકરાએ એટલું પણ ન પૂછ્યું કે મા તારે બામ કેમ લેવો પડ્યો ? તારું માથું દુઃખ્યું હતું ?

રસોડાનું થોડું કામ પતાવી એ ઝટ–ઝટ દીકરા–વહુના ઓરડામાં જાય છે. 'લતા–બેટા ! લાવ, માથું દબાવી દઉં.' પણ ત્યાં તો 'શી... શી... એને ઊંઘ આવી ગઇ છે, જગાડીશ નહીં,' એમ દીકરાએ ઇશારાથી કહ્યું.

ત્યાં તો નાનો દીકરો ચાર–પાંચ દોસ્તોને લઇને આવી પહોંચ્યો. 'મમ્મી, નાસ્તો ! ચાર કપ ચા અને બે કોફી.'

ચા–નાસ્તો થાય છે. ગપ્પાં મરાય છે. મમ્મી જોતી જોતી ભૂતકાળમાં સરી જાય છે. પહેલાં તો પતિ આવે ત્યારે ચારેય જણ સાથે બેસીને ચા–નાસ્તો કરતાં અને નિરાંતે વાતો કરતાં. એકાદ કલાક બેઠક જામતી. પણ હવે એ પરંપરા તૂટી ગઈ છે. કોઈને સાથે બેસવાનો સમય જ ક્યાં છે ? દરેક પોતપોતાની દુનિયામાં વ્યસ્ત છે, મસ્ત છે. મારી પોતાની કોઈ દુનિયા ખરી ? આ બધાની દુનિયા એ જ મારી દુનિયા ને !

તેવામાં પતિને યાદ આવ્યું અને એ બોલ્યા, 'કાલે મહેતાનો ફોન આવેલો. મને કહ્યુંયે નહિ ? તને કેટલી વાર કહ્યું કે ફોન પાસે કાગળ ઉપર લખી રાખ !'

થોડીવારે શાક લઇને એ પતિ પાસે જઇ બેઠી. એ શાક સમારતી રહે છે. એકાદવાર કાંઇક વાત ઉપાડવા જાય છે, 'પણ હં... અ...' કરી પતિ વાંચવામાં જ લીન છે. એ શાક સમારીને રસોડામાં પેસે છે.

હવે રસોઇ બધી તૈયાર છે. પણ જમનારા ક્યાં ? પતિને બોલાવવા ગઇ તો કહે, 'થોડી વાર પછી.' નાનો દીકરો ફરી બહાર ગયો છે. મોટા દીકરા–વહુના ઓરડાનું બારણું હજી ખૂલ્યું નથી.

કેટલીયે વાર સુધી એ શૂન્યમનસ્ક બેસી રહી. ત્યાં એની નજર પુસ્તકની અભરાઇ પર પડી. એક પુસ્તક લઇએ પથારીમાં આડી પડી. જોયું તો એકાદ વરસ પહેલાં એ પુસ્તક વાંચવા લીધેલું પછી છૂટી ગયેલું. આજ એ જ પુસ્તકમાં તન્મય થઇ ગઇ.

કોઇની હાકથી જાગી અને ચોંકીને જોયું તો વહુ, બંને દીકરા ને પતિ વિસ્મિત નજરે એને જોઈ રહ્યાં છે.

'મમ્મી, તું તો તારામાં જ ખોવાઇ ગઇ ! ખવડાવવું છે કે નહીં ?'

**તાત્કાલિક ભાડે / લીઝ / વેચાણથી આપવાનું છે**

૧) અલકાપુરી મેઇન રોડ પર, પોઝ એરિયામાં સેમી ફર્નિસ્ડ ઑફિસ આશરે ૧૦૦૦ સ્કે.ફૂટ તથા એસી સાથે ફુલી ફર્નિસ્ડ ઑફિસ ૭૫૦ સ્કે.ફૂટ રેપ્યુટેડ કંપનીને ઑફિસ કે અન્ય કામકાજ માટે આપવાની છે.

૨) ૧૩૫૦ સ્કે. ફૂટનો શોરૂમ ઇમિટેશન જ્વેલર્સ/રેડીમેડ ગારમેન્ટ/શૂઝ/લેધર આઇટેમના માટે ધંધા તદન અનુકુળ પ્રાઇમ લોકેશન પર સ્થિત.

૩) ઇમિટેશન જ્વેલર્સના ગ્લાસ સાથેના કેશ કાઉન્ટર, લાકડાના મજબૂત કાઉન્ટર, (રેક) ઘોડા, ટેબલ–ખુરશી તથા ઘરવખરી, સિલાઇ મશીન વિગેરે તાત્કાલિક વેચાણથી આપવાના છે.

સંપર્કઃ મોઃ ૯૩૨૮૫૪૩૦૨૧, ફોનઃ ૦૨૬૫-૩૧૯૧૪૭૨

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન ને

નિયમિત રૂપે
આપના
મોબાઈલ
પર મેળવવા
અહીં ક્લિક કરો



## ચલતે... ચલતે...

હમણાં એક ગામમાં નકલી એસબીઆઈ બેંક ગામવાળાઓએ જ પકડી પાડી.

પત્રકાર ગામના લોકોને મળ્યા અને પૂછ્યું, 'તમને કેમ ખબર પડી કે બેંક નકલી છે ?'

તો એક ભાઈ કહે, 'કામ બધું બોવ સ્પીડમાં થાતું'તું, કોઈ કાઉન્ટર ચેન્જ ના કરવું પડતું, એ લોકો ધક્કા ખવડાવે નહિ, લાંબી લાઈનો નહિ અને જે પૂછીએ એનો વ્યવસ્થિત સભ્યતાથી જવાબ આપે. એટલે અમને શંકા ગઈ !!'

પતિ : કાલે પત્ની સાથે ઝઘડો થયો. સવારે રિસાઈને વહેલી ઉઠી જ નહિ. જાતે છોકરાના નાસ્તા બનાવ્યા, સ્કુલ માટે તૈયાર કર્યા, ત્યાં સુધી એ તો ઘોરતી જ રહી.

જેવો છોકરાને લઈને સ્કુલે મુકવા નીકળ્યો ને ત્યારે બોલી, 'છોકરાને વેકેશન ચાલે છે.'

ટીચરઃ 'આ પક્ષીના પગ જોઈને તેનું નામ લખો.'

પપ્પુઃ 'મને નથી ખબર !'

ટીચરઃ 'તું ફેઈલ. શું નામ છે તારું ?'

પપ્પુઃ 'લો ! મારા પગ જોઈને લખી લ્યો !'

લગ્ન પછી સાસુ જમાઈને ફોન પરઃ 'શું ચાલે છે, કાર્તિક કુમાર ?

જમાઈઃ 'અરે ! અમારું છોડો, તમારે તો હવે નિરાંત છે ને ?'

બાપુએ નવી કાર લીધી. અમદાવાદથી ગાડી મારી મૂકી તે પોણા કલાકમાં વડોદરા પહોંચી ગયા. એના મિત્રને પહોંચી ગયાનો ફોન કર્યો તો એ પણ મોઢામાં આંગળા નાખી ગયો, જબરું ડ્રાઈવિંગ !

બાપુ કહે, 'દસ મીનિટમાં પાછો નીકળું છું.'

પછી બીજા દિવસે બપોરે ૧૨ વાગે પહોંચ્યા. એનો ભાઈબંધ કહે, 'બાપુ ! જતાં ખાલી પોણો કલાક ને વળતાં કેમ આટલી બધી વાર થઈ ?'

બાપુ કહે, સાલું ગજબ છે હોં ! ગાડીમાં જવાના ૪ ગિયર આપ્યા છે, પણ વળતાનો એક જ ગિયર આપ્યો છે.'